EDII

Gujarat Samachar

June 17, 2016
Page No. 2
Of Ahmedabad City

# કોર્પોરેટ એક્સેલરેટર ઝડપથી વિકસી રહેલો ટ્રેન્ડ છે

ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન(ઈડીઆઈઆઈ)ના ડોક્ટરલ કક્ષાના ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (એફપીએમ)ના વિદ્યાર્થી રાજ કે શંકરે ૮થી ૧૧ જુન દરમિયાન નોર્વે ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત બેબસન કોલેજ આંત્રપ્રિન્યોરશીપ રિસર્ચ કોન્ફરન્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ કોન્ફરન્સમાં રાજે ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે ઝડપથી વિકસી રહેલી તથા સ્ટાર્ટઅપ્સ અને કોર્પોરેટ્સ બન્ને માટે લાભદાયક કોર્પોરેટ એક્સેલરેટર્સ ટ્રેન્ડ અંગે સંશોધન રજૂ કર્યું હતું.

સંશોધન વિષે વાત કરતાં રાજ કે શંકરે કહ્યું કે કોર્પોરેટ એક્સેલરેટર એ નવીન અને ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે ઝડપથી વિકસી રહેલો ટ્રેન્ડ છે. સ્ટાર્ટ અપ્સ દ્વારા થતા સંશોધનો અને તેમની ઉદ્યોગસાહસિકતા વૃત્તિમાંથી મહત્તમ લાભ મેળવવા માટે મોટી કોર્પોરેટ કંપનીઓ નાની કંપનીઓ સાથે હાથ મિલાવી રહી છે. જ્યારે સ્ટાર્ટ અપ્સને મોટી કંપનીઓના સ્રોતોનો લાભ મળી રહ્યો છે. આ મોડેલ સ્ટાર્ટ અપ્સ અને કોર્પોરેશન્સ બન્ને માટે લાભકારક પુરવાર થાય તેવું લાગી રહ્યું છે. દેશમાં કોર્પોરેટ આંત્રપ્રિન્યોરશીપ અને ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે ચાલતા ટ્રેન્ડસ અંગે મર્યાદિત રિસર્ચ થયું છે.